**પોરબંદર જીલ્લાના મ્હે. સ્પે. જજ (એટ્રો.) અને એડીશ્નલ ડિસ્ટ્રીકટ અને સેશન્સ જજ સાહેબની કોર્ટમાં.**

ફો.પ.અ.નં.૩૮૧/૨૦૨૨

અનિલભાઈ દુલાભાઈ કારાવદરા,
ઉ.વ. ૨૩, ધંધો : મજુરીકામ અને ડ્રાયવીંગ,
રહે. વાડી વિસ્તાર ભોમીયાવદર,
તા.જી. પોરબંદર.
હાલ : ખાસ જેઈલ પોરબંદર..........................................અરજદાર.

**વિ રુ ધ્ધ**

૧. ધી સ્ટેટ ઓફ ગુજરાત થૃ
ડી.જી.પી. ઓફીસ પોરબંદર.
૨. બાબુભાઈ વેજાભાઈ પાંડાવદરા,
ઉ.વ. ૬૧, ધંધો : નિવૃત,
રહે.ડંકીવાસ, આદિત્યાણા તા. રાણાવાવ,
જી.પોરબંદર...........................................સામાવાળા.

**<u>વિષય</u> :–** ક્રિ.પ્રો.કોડ ની કલમ ૪૩૯ મુજબ રેગ્યુલર જામીન મળવા...

**<u>ગુન્હો</u> :–** ઈ.પી.કોડ ની કલમ ૫૦૪ તથા અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ પ્રતિબંધ અધિનિયમની ૩(૧) (આર), ૩(૧)(એસ) વિગેરે મુજબ...

અરજદાર તરફે વિ.વકીલ શ્રી જે. આર. ઓડેદરા
સામાવાળા તરફે વિ.એડિશ્નલ પી.પી.શ્રી એ.જે.લીલા.
મુળ ફરીયાદી તરફે જાતે.

**–:: હુ ક મ ::–**

(૧) અરજદાર/આરોપીએ કીર્તીમંદિર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૧ ૮૦૦૬૨૨૦૫૪૬/૨૦૨૨, ઈ.પી.કોડ ની કલમ ૫૦૪ તથા અનુસુચિત જાતિ

અને અનુસુચિત જનજાતિ પ્રતિબંધ અધિનિયમની ૩(૧) (આર), ૩(૧) (એસ) વિગેરે મુજબના ગુન્હાના કામે કસ્ટડીમાં હોય, તેઓએ ક્રિ.પ્રો.કોડ ની કલમ ૪૩૯ અન્વયે જામીન ઉપર મુકત થવા માટે હાલની આ અરજી કરેલી છે.

(૨) અરજદારની અરજીની નોટીસની બજવણી થતાં સરકાર પક્ષે વિ.એડિશ્નલ પી.પી.શ્રી એ.જે.લીલા હાજર રહેલા છે તેમજ આંક ૫ થી તપાસ કરનાર અમલદારનું સોગંદનામુ રજૂ કરેલું છે જે વંચાણે લેવામાં આવેલ છે. આ કામે મુળ ફરીયાદીને નોટીસની બજવણી થતાં તેઓ અદાલત રબુરુ જાતે હાજર રહેલા છે અને તેઓની રજુઆત સાંભળવામાં આવેલ છે.

(૩) અરજદારના વિ.વકીલ શ્રી જે. આર. ઓડેદરાએ દલીલો કરતાં જણાવેલ છે કે, આ કામે હાલના અરજદાર સામેની ફરીયાદ પૈસા પડાવવાના એકમાત્ર ઈરાદે જ કરવામાં આવેલ છે. ફરીયાદમાં તદૃન ખોટી અને ઉપજાવી કાઢેલી અને ખોટી હકીકતો દર્શાવી હાલની ફરીયાદ કરવામાં આવેલ છે અને ફરીયાદની હકીકતો જોતા પણ અરજદારએ ફરીયાદીને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરેલ હોવાની કોઈ હકીકતો ફલિત થતી નથી અરજદાર સ્થાનિક પોરબંદર જીલ્લાના કાયમી રહીશ છે, જેથી નાશી ભાગી જાય તેમ નથી. આ સંજોગોમાં અરજદાર/આરોપીને યોગ્ય રકમના જામીન ઉપર મુકત કરવા રજૂઆત કરેલી છે.

(૪) સરકારપક્ષે વિ. એડિશ્નલ પી.પી.શ્રી એ.જે.લીલાએ, હાલની અરજીનો વિરોધ કરતાં એવી રજૂઆત કરેલી છે કે, આ કામના આરોપીએ ફરીયાદીને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરી ગંભિર પ્રકારનો ગુન્હો કરેલ છે. વધુમાં ત.ક.અ.શ્રીનું સોગંદનામુ વંચાણે લેતા પણ અરજદારને જામીન ઉપર મુકત કરવામાં આવે તો નાસીભાગી જશે અને પુરાવા સાથે ચેડા કરે તેવી સંભાવના હોય અને આ ગુન્હાની તપાસ હાલમાં ચાલુ હોય હાલની અરજી રદ કરવા જણાવેલ છે.

આ કામે મુળ ફરીયાદીએ જણાવેલ છે કે, આરોપી માથાભારે માણસ છે. પોતાના માણસો પાસે મરાવી નાખવાની ધમકી આપે છે. ફરીયાદી આદિત્યાણાથી અપ ડાઉન કરે છે અને તેઓને ત્યાંથી જ નીકળવાનું હોય છે વિગેરે હકીકતો જણાવી જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલી છે.

(૫) આ કામે ઉપરોકત બંને પક્ષકારો તરફેની રજૂઆતો તેમજ પોલીસ પેપર્સ અને તપાસ કરનાર અમલદારનું સોગંદનામુ વંચાણે લેતાં એ હકીકત સ્પષ્ટ થાય છે કે, હાલના અરજદાર/આરોપીને ઈ.પી.કોડ ની કલમ ૫૦૪ તથા અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ પ્રતિબંધ અધિનિયમની ૩(૧)(આર), ૩(૧) (એસ) મુજબના ગુન્હામાં પોલીસે અટક કરેલા છે. આરોપી સામેના આક્ષેપોની હકીકતો જોવામાં આવે તો આ કામના આરોપીએ ફરીયાદીને જેમ ફાવે તેમ ભુંડી ગાળો બોલી, ફરીયાદીને ફરીયાદી તથા સાહેદને જ્ઞાતિ વિશે અપશબ્દો બોલેલ હોવાનો આક્ષેપ છે. વધુમાં વિ. સરકારી વકીલશ્રીની રજુઆત અને મુળ ફરીયાદી તથા ત.ક.અ.શ્રીના સોગંદનામાં જણાવેલ હકીકતો કે, અરજદારને જામીન મુકત કરવામાં આવશે તો ફરીયાદી /સાહેદો સાથે સુલેહ ભંગ કરે તેમજ સાહેદોને લાલચ–પ્રલોભન આપી ડરાવી–ધમકાવી પુરાવા સાથે ચેડા કરે તેવી શંકા દર્શાવેલ છે,પરંતુ તેઓએ આવી હકીકતો શેના આધારે જણાવેલ છે તે સંદર્ભ કોઈ હકીકતો જણાવેલ નથી. આમ જયારે આ ગુન્હા અંગે તપાસ પુરી થઈ ટ્રાયલ ચાલતા સુધી ઘણો સમય જાય તેમ છે અને ત્યાં સુધી અરજદારને કસ્ટડીમાં રાખવામાં આવે તો તેઓને પ્રી–ટ્રાયલ કન્વીકશન થાય તેમ છે. જયારે જામીન અરજીનો નિર્ણય કરતી વખતે ગુન્હાનો પ્રકાર, ગુન્હાની ગંભીરતા, આરોપીએ ગુન્હામાં ભજવેલ ભાગ, આરોપીની નાશી ભાગી જવાની શકયતા, પુરાવા સાથે ચેડા થવાની શકયતા, સમાજનું વિશાળ હીત વિગેરે પરીબળો ધ્યાને લેવાના રહે છે અને હાલના અરજદાર સામેના ગુન્હાનો

પ્રકાર તેમજ તેઓની જયુડીશ્યલ કસ્ટડીનો સમય તથા અરજદાર તરફેની રજૂઆતો, સંજોગો ધ્યાને લેતાં હાલના અરજદાર પોરબંદર જીલ્લાના કાયમી રહેવાસી છે તેમજ તેઓ સામે આક્ષેપાયેલ ગુન્હામાં કરવામાં આવેલ સજા અંગેની જોગવાઈ ધ્યાને લેતા હાલના અરજદારને યોગ્ય શરતોએ જામીન ઉપર મુકત કરવા ઉચિત અને ન્યાયી જણાય છે જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: <u>હુકમ</u> ::-**

(૧) અરજદાર/આરોપી અનિલભાઈ દુલાભાઈ કારાવદરા ધ્વારા ક્રિ.પ્રો.કોડની કલમ ૪૩૯ અન્વયે કરવામાં આવેલી હાલની જામીન અરજી આથી મંજૂર કરવામાં આવે છે.

(૨) આ કામના અરજદાર કીર્તીમંદિર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૧ ૮૦૦૬૨૨૦૫૪૬/૨૦૨૨, ઈ.પી.કોડ ની કલમ ૫૦૪ તથા અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ પ્રતિબંધ અધિનિયમની ૩(૧) (આર), ૩(૧) (એસ) વિગેરે મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાના કામે રૂા.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા)ના એક તેવા કુલ-૨(બે) સધ્ધર જામીન અને તેટલી જ રકમના જાત મુચરકા આપ્યેથી તેઓને નીચેની શરતોને આધીન આ કામે જામીન મુકત કરવા.

**<u>શરતો</u> :-**

૧) અરજદાર/આરોપીએ ફરિયાદપક્ષના પુરાવા સાથે કોઈ ચેડા કરવા નહી અને ફરિયાદી તથા સાહેદોને કોઈ જાતની ધાક ધમકી કે લાલચ અને પ્રલોભન આપવું નહી.

૨) અરજદાર/અરોપીએ પોતાની જામીન મુકિતનો કોઈ ગેરલાભ લેવો નહી અને ફરિયાદપક્ષના કેસને નુકશાન થાય તેવું કોઈ કૃત્ય કરવું નહી.

૩) અરજદાર/આરોપીએ ફરીથી કોઈ જાતનું ગુન્હાહીત કૃત્ય કરવું નહી અને કોઈ જાતની ગુન્હાહીત પ્રવૃતિ સાથે પોતાની જાતને સાંકળવી નહી.

૪) અરજદાર/આરોપીએ હુકમ મુજબ જામીન મુકત થયાના દિવસ – ૩ માં પોતાનું હાલનું રહેણાંક સ્થળ સોગંદનામાથી સબંધીત કોર્ટમાં જાહેર કરવું અને ઈન્સાફી કાર્યવાહી પુરી થતાં સુધી તેમાં અદાલતની પુર્વ પરવાનગી વગર કોઈ જાતનો ફેરફાર કરવો નહી અને જો પાસપોર્ટ ધરાવતા હોય તો, દિન –૩ માં તપાસ કરનાર અધિકારી સમક્ષ રજૂ કરવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગેનું સોગંદનામુ સબંધીત અદાલતમાં રજુ કરવું.

૫) અરજદાર/આરોપીએ તેમની સામેની ઈન્સાફી કાર્યવાહી પુરી ન થાય ત્યાં સુધી અદાલતની પુર્વ પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહી.

૬). અરજદાર/આરોપીએ ચાર્જશીટ થતાં સુધી દર અંગ્રેજી મહિનાની પહેલી તારીખે સવારના કલાક ૦૯.૦૦ થી સાંજના કલાક ૧૭.૦૦ દરમ્યાન પોતાની હાજરી સબંધીત પોલીસ સ્ટેશનમાં અચુકપણે પુરાવવી.

૭). અરજદાર/આરોપીએ કેસની ટ્રાયલ પુર્ણ થતાં સુધી ફરીયાદી જે જગ્યાએ રહે છે તેના ૧૦૦૦ મીટરનાં વિસ્તારમાં પ્રવેશ કરવો નહીં.

૮). અરજદાર/આરોપીએ કેસની ટ્રાયલ દરમ્યાન નિતમિત રીતે કોર્ટમાં હાજર રહેવુ.

(૩) અરજદાર/આરોપીએ ક્રિમીનલ મેન્યુઅલના પેરા–૩૦૬ મુજબ જામીન અત્રેની જીલ્લા અદાલતના નાઝીરશ્રી સમક્ષ રજુ કરવા.

(૪) આ હુકમની જાણ સબંધીત પોલીસ સ્ટેશનને કરવી. જરૂરી યાદી કરવી.

હુકમ આજરોજ તા.૧૮ માહે ઓકટોબર સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૮/૧૦/૨૦૨૨.
સ્થળ : પોરબંદર.

(માધવી કેતનભાઇ ભટ્ટ)
સ્પે.જજ (એટ્રોસીટી) અને
એડીશ્નલ સેસન્શ જજ,
પોરબંદર.
GJ00856